જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૫/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૫૨/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૬ | ૩,૧૨,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૨૦૫ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૪/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૯૫૫/૨૦૨૨

**સાયબર ક્રાઇમઃ-** રોહનભાઇ ભુપેન્દ્રભાઇ વસાવા(ઉ.વ.૩૨)(રહે.નાગદેવનગર-૧, હરીયાલી રેસ્ટોરન્ટ પાસે, વાઘોડીયા-ડભોઇ રીંગ રોડ, વડોદરા) એ તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૪/૨૦૨૨ બપોરના ૨/૩૫ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઇલ નંબર ૯૧૬૩૫૨૮૬૦૯ ના ધારકે રોહનભાઇના મોબાઇલ ફોન ઉપર “Dear customer Your SBI YONO A/c and Netbanking will be block today. Please update your documents now. SBI website click https://tinyurl.com/2p8fkwfj મુજબનો એસ.બી.આઇ. બેંકના નામે મેસેજ મોકલી, બનાવટી લીંક મોકલી તેમાં બેંકને લગતી માહિતી સબમીટ કરાવી, રોહનભાઇના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી રૂપિયા ૪૯,૯૯૯/- ના બે ટ્રાન્જેક્શનો કરી કુલ રૂપિયા ૯૯,૯૯૮/- મેળવી લઇ રોહનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૨

**નરોડાઃ** કલ્પનાબહેન વા/ઓ દીલીપકુમાર રાવલ (ઉ.વ.૫૮)(રહે.શ્રીજી બંગ્લોઝ, માનસી એપાર્ટમેંટ ની સામે ગેલેક્ષી સિનેમાની પાછળ નરોડા) એ તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૨ સવારના ૮/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરી અને કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૮,૦૧,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯,૪૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.આર.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** વિલાસબહેન વા/ઓ અશ્વિનભાઈ પટેલ (ઉ.વ.૪૮)(રહે.શ્રીજીધામ સોસાયટી બાપા સિતારામ ચોક પાસે, નવા નરોડા) એ તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ સુરત થી અમદાવાદ ખાતે આવેલ ત્યારે સી.ટી.એમ.ચાર રસ્તા થી ઓટોરીક્ષામા બેસી બાપા સીતારામ નવા નરોડા ખાતે જવા નીકળેલ દરમ્યાન રીક્ષામાં બેસેલ અજાણી મહિલા (૩૫ વર્ષના આશરાની)એ વિલાસબહેનની નજર ચુકવી તેમની પાસેની કપડાની થેલીમાંથી રોકડ રૂપિયા ૨૪,૫૦૦/- અને સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૫૦૦/- ની મતા મુકેલ પર્સ ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

**ખાડીયાઃ-** પ્રવિણભાઇ જગદીશભાઇ કોઠારી(ઉ.વ.૪૨)(રહે.રોયલ જાર્ડીન, શાહીબાગ) એ તા.૨૮/૦૫/૨૦૨૨ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૨ રાતના ૯/૪૦ વાગ્યાના સુમારે માણેકચોક મીની બાલા હનુમાન મંદીરની પાસે, ધનપીપળીની ખડકી, વિરપાન બાબુ ત્રાંબોઇ ની આશિર્વાદ ભઠ્ઠીની દુકાન આગળ આવેલ એક અજાણ્યો પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એ સાહેદ દેવાજી છનાજી ધાંચી તથા વિરપાન બાબુ ત્રાંબોઇ ની નજર ચુકવી ચાંદીની એક પાટ કિંમત રૂપિયા ૧૯,૧૨,૦૭૪/- ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.દેસાઈ ચલાવે છે.

**માટીમાં દટાઇ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ-** બોડકદેવ રાજપથ રંગોળી રોડ, ન્યુ મેરોન હોટેલની બાજુમાં આવેલ "ટાઇમ્સ ૧૦૪" નામની કંસ્ટ્રકશન સાઇડ ઉપર રહેતા અને ત્યાંજ કામ કરતા બારિકભાઇ સ/ઓ અબ્દુલકરીમ અંસારી (ઉ.વ.૩૧) (મુળ વતન ગામઃ- મોટબારી પોસ્ટ:-ડાંગોલ તા:-બારસોઇ જીલ્લો:-કઠિયાર બીહાર) તા.૨૮/૦૫/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગે કંસ્ટ્રકશન સાઇડ ઉપર સળિયા બાંધવાનુ કામ કરતા હતા દરમ્યાન ઉપર થી નીચે તરફ માટી ધસી પડતા, બારિકભાઇ માટીમાં દટાઈ જતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૨૮/૦૫/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર ભીમજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.